In association with

BritishRedCross

# કોરોનાવાઇરસ

# (COVID-19) રસીકરણ

ઇંગ્લેન્ડ, સ્કોટલેન્ડ અને વેલ્સ

કોરોનાવાઇરસ (COVID-19) રસી સુરક્ષિત અને અસરકારક છે. તે કોરોનાવાઇરસ સામે તમને સૌથી શ્રેષ્ઠ સુરક્ષા આપે છે.

સંસ્કરણ 1 (તા. 03.03.2021ના રોજ અપડેટ કર્યું)

અંગ્રેજી | GUJARATI

# વિષયવસ્તુ

COVID-19 રસીકોણ લઈ શકે? ........ 2
કેવી રીતે COVID-19 રસી આપવામાં આવે છે ........ 4
COVID-19 રસી કેવી રીતે લેશો ........ 4
COVID-19 રસી કેટલી સલામત છે? ........ 8
COVID-19 રસી કેટલી અસરકારક છે? ........ 8
COVID-19 રસીના આડઅસરો ........ 9
COVID-19 રસીના ઘટકો ........ 10
વધુ જાણકારી ........ 10

## COVID-19 રસીકોણ લઈ શકે?

COVID-19 રસી એન.એચ.એસ. દ્વારા આપવામાં આવે છે અને તે ઇંગ્લેન્ડ, સ્કોટલેન્ડ અને વેલ્સમાં તમામ પુખ્તો માટે તેમના ઇમિગ્રેશનની સ્થિતિને ધ્યાને લીધા વિના નિ:શૂલ્ક ઉપલબ્ધ છે. આમાં પબ્લિક ફંડમાંથી લાભ નહિ મેળવનાર લોકોનો સમાવેશ થાય છે. એન.એચ.એસ. હાલમાં કોરોનાવાઇરસનું સૌથી વધુ જોખમ છે એવા લોકોને COVID-19 રસી પ્રદાન કરી રહેલ છે.

આ રસી કેટલીક દવાની દુકાનોમાં, જનરલ પ્રેક્ટિશનર્સ દ્વારા ચલાવવામાં આવતા સ્થાનિક રસી કેન્દ્રો અને મોટા મોટા રસી કેન્દ્રો પર આપવામાં આવી રહેલ છે.

એન.એચ.એસ. મોટા ભાગે હાલની કોઈ તબીબી બિમારીઓ તેમજ નાનાથી લઈને મોટી વયજૂથના આધારે તેમના અનુમાનિત ઉપચારાત્મક જોખમ અનુસાર લોકોને રસી આપશે. કેટલાક લોકોમાં COVID-19 થી પેદા થતી ગંભીર મુશ્કેલીઓનું જોખમ બીજાઓ કરતા ઘણું વધારે હોય છે.

તે નીચેના લોકોને આપવામાં આવી રહેલ છે:

- 55 અને તેથી ઉપરની વયની વ્યક્તિઓને
- જેમને કોરોનાવાઇરસના સંક્રમણનું જોખમ સૌથી વધારે છે (એવા લોકો જેમને લાંબા સમયથી સ્વાસ્થ્યને લગતી બિમારી છે)
- જે લોકોને તેમની હાલની તબીબી સમસ્યાઓ (જેમ કે સી.ઓ.પી.ડી., અસ્થમા (દમ), હૃદય સંબંધિત તકલીફો, કિડની અથવા લિવરના રોગો, ડાયાબિટીસ અને બીજી કેટલીક લાંબા ગાળાની સ્વાસ્થ્ય વિષયક સમસ્યાઓ) ને લીધે કોરોનાવાઇરસથી સંક્રમિત થવાનું વધારે જોખમ રહેલું છે
- જે લોકો સ્વાસ્થ્ય સારવાર કેન્દ્રોમાં રહે છે અથવા ત્યાં કામ કરે છે

- સ્વાસ્થ્ય અને સામાજિક સાર-સંભાળમાં કામ કરતા કર્મીઓ
- અભ્યાસ સંબંધિત વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ
- જેઓ કેરરના ભથ્થામાટે લાયક છે

યુકે સરકારનો આશય જુલાઈ અંત સુધીમાં પુખ્ત વયની તમામ વ્યક્તિઓને પહેલો ડોઝ આપવાનો છે.

ઇંગ્લેન્ડ: Read the latest information on COVID-19 vaccination for older adults

સ્કોટલેન્ડ: Read the latest information on COVID-19 vaccination for adults

વેલ્સ: Read the latest information on COVID-19 vaccination

## જો તમે હજી સુધી લાયક ઠર્યા નથી તો

તમારો સંપર્ક કરવામાં આવે ત્યાં સુધી રાહ જુઓ એન.એચ.એસ. તમને જણાવશે કે રસી લેવા માટે તમારો વારો ક્યારે આવે છે.

ઇંગ્લેન્ડ: Read the latest Information about COVID-19 vaccine eligibility and vaccine supplies

## શું આ રસી દરેક વ્યક્તિ માટે અનુકૂળ છે?

જો તમે સગર્ભા છો તો, એવા કોઈ પુરાવા નથી કે COVID-19 રસી અસુરક્ષિત છે. પણ તે તમને નિત્યક્રમના ભાગ રૂપે આપવામાં આવે એ પહેલા હજી વધારે પુરાવાની જરૂર છે.

જો તમે સગર્ભા છો અને તમને નીચેનું જોખમ છે તો તમને રસી આપવા માટે વિચારણામાં લેવાની ભલામણ કરવા વેક્સિનેશન અને ઇમ્યુનાઇઝેશન અંગેની સંયુક્ત સમિતિ તેની સલાહમાં એ મુજબ ફેરફાર કરે છે:

- તમે જ્યાં કામ કરો છો ત્યાં તમને કોરોનાવાઇરસ સંક્રમણનું જોખમ વધારે છે
- તમને એવી કોઈ સ્વાસ્થ્ય સમસ્યા છે જેને લીધે તમને કોરોનાવાઇરસથી પેદા થતી મુશ્કેલીઓનું જોખમ વધારે છે

રસી લીધા પછી તમારે સગર્ભાવસ્થા ટાળવાની જરૂર નથી. આ રસીમાં કોઈ જીવંત વાઇરસ નથી અને તમને કે તમારા બાળકને COVID-19 થી સંક્રમિત કરી શકતો નથી. COVID-19 રસી ગર્ભધારણ ક્ષમતાને અસર કરે એવા કોઈ પુરાવા જોવા મળતા નથી.

જો તમે સ્તનપાન કરાવી રહ્યા હો તો પણ તમે COVID-19 રસી લઈ શકો છો. રસી લેતા પહેલા સ્વાસ્થ્ય કર્મીઓ સાથે વાત કરો. તેઓ જોખમો અને ફાયદા વિશે તમારી સાથે ચર્ચા કરશે.

ઇંગ્લેન્ડ: જો તમે સગર્ભા છો, ગર્ભ ધારણ કરવાના છો અથવા સ્તનપાન કરાવી રહ્યા છો તો COVID-19 રસીની અદ્યતન સલાહ વિશે વાંચો.

સ્કોટલેન્ડ: જો તમે સગર્ભા છો, ગર્ભ ધારણ કરવાના છો અથવા સ્તનપાન કરાવી રહ્યા છો તો COVID-19 રસીની અદ્યતન સલાહ વિશે વાંચો

વેલ્સ: [જો તમે સગર્ભા છો, ગર્ભ ધારણ કરવાના છો અથવા સ્તનપાન કરાવી રહ્યા છો તો COVID-19 રસીની અદ્યતન સલાહ વિશે વાંચો]

જો આ રસીના આ પહેલાના ડોઝ કે રસીના કોઈ ઘટક તત્ત્વોને કારણે તમને ક્યારેય ગંભીર એલર્જિક રિએક્શન (એનાફાયલેક્સિસ સહિત) આવ્યું હતુ તો તમારે COVID-19 રસી લેવી જોઈએ નહીં.

જે લોકોને ઇમ્યુનોસપ્રેશન અથવા એચ.આઇ.વી.નો ચેપ હોય (CD4 કાઉન્ટને ધ્યાનમાં લીધા વિના) તેમને પણ રસી આપવી જોઈએ.

જે લોકોનું લોહી ગંઠાઈ જતું હોય અથવા રક્તસ્ત્રાવનો વિકાર રહેતો હોય તેઓ પણ રસી લઈ શકે છે પણ એ સારવાર દરમિયાન યોગ્ય સમયે આપવામાં આવે એની ખાતરી કરવા તેમના સ્વાસ્થ્ય પ્રદાતો સાથે પરામર્શ કરવો જરૂરી છે.

## કેવી રીતે **COVID-19** રસી આપવામાં આવે છે

COVID-19 રસી તમારા હાથની ઉપરના ભાગમાં એક ઇન્જેક્શન તરીકે આપવામાં આવે છે. તે બે ડોઝ રૂપે આપવામાં આવે છે. પહેલો ડોઝ લઈ લીધા પછી ત્રણથી 12 અઠવાડિયા બાદ તમારે બીજો ડોઝ લેવાનો રહેશે.

જ્યારે તમને પહેલો ડોઝ આપવામાં આવે છે ત્યારે તમને એક નાનકડું કાર્ડ આપવામાં આવશે જેના પર રસીની વિગતો દર્શાવેલ હશે. તમારે આ કાર્ડ સાચવીને રાખવું જોઈએ. જો તમારે તમારી રસીનો બીજો ડોઝ કોઈ જુદા રસીકરણ કેન્દ્ર પર લેવાનો છે તો કાર્ડ એ વાતની ખાતરી કરાવશે કે તમે સાચા પ્રકારની રસી મેળવેલ છે.

## **COVID-19** રસી કેવી રીતે લેશો

COVID-19 રસી એન.એચ.એસ. દ્વારા આપવામાં આવે છે અને તે ઇંગ્લેન્ડ, સ્કોટલેન્ડ અને વેલ્સમાં તમામ પુખ્તો માટે તેમના ઇમિગ્રેશનની સ્થિતિને ધ્યાને લીધા વિના નિ:શૂલ્ક ઉપલબ્ધ છે.

જો તમે જનરલ પ્રેક્ટિશનર (જી.પી.) સાથે નોંધાયેલ છો તો રસી મેળવવાનું આસાન છે. આનાથી એ વાતની ખાતરી થશે કે તમારી પાસે એન.એચ.એસ. નંબર છે અને જ્યારે તમે રસી માટે લાયક બનો છો (વય અને નિદાનાત્મક બિમારીના આધારે) ત્યારે તમે રસીકરણ માટેની અપોઇન્ટમેન્ટ બુક કરી શકશો. જનરલ પ્રેક્ટિશનર સાથે નોંધણી કરવાનો અર્થ એ છે કે તમે આરોગ્ય અને સ્વાસ્થ્ય વિષયક સારવાર સેવાઓ પણ મેળવી શકશો.

જનરલ પ્રેક્ટિશનર એ પારિવારીક વૈદ્યકીય ડૉક્ટર છે. ઇંગ્લેન્ડ સ્કોટલેન્ડ, અને વેલ્સ માં, દરેક વ્યક્તિ જનરલ પ્રેક્ટિશનર સાથે નોંધણી કરાવી તેમના ઇમિગ્રેશનની સ્થિતિને ધ્યાનમાં લીધા વિના નિ:શૂલ્ક પ્રાથમિક સારવાર સેવાઓ મેળવી શકે છે.

જો હાલમાં તમે જનરલ પ્રેક્ટિશનર સાથે નોંધણી કરાવેલ નથી તો તમારે કોઈ સ્થાનિક જનરલ પ્રેક્ટિશનરને શોધી કાઢવા જોઈએ અને અત્યારે જ નોંધણી કરાવી લેવી જોઈએ પછી ભલે તમે અત્યારે રસી લેવા માટે લાયક નથી. તમે ઇંગ્લેન્ડ, સ્કોટલેન્ડ અથવા વેલ્સ માટે એન.એચ.એસ.ની વેબસાઇટનો ઉપયોગ કરીને તમે જ્યાં વસવાટ કરો છો તેની નજીકમાં જનરલ પ્રેક્ટિશનરને શોધી શકશો, અથવા તમે તમારા જનરલ પ્રેક્ટિશરને ટેલીફોન કરીને દર્દી તરીકે નોંધણી કરાવવા વિનંતી કરી શકો છો.
જીપી સર્જરી માત્ર તેમના સ્થાનિક વિસ્તારમાં રહેતા લોકોની જ નોંધણી કરી શકે છે. જો તમે જીપી સર્જરીની હદની બહાર વસવાટ કરો છો તો તમારે એવા બીજી કોઈ જીપીને શોધવાની જરૂર પડશે જે તમારા ઘરથી નજીક છે.

જીપી સાથે નોંધણી કરાવવા તમારે એક ફોર્મમાં વિગતો ભરવાની જરૂર પડશે. તમે ઓનલાઇન નોંધણી કરી શકશો કે કેમ એ જોવા તમે જીપી સર્જરીની વેબસાઇટ ચેક કરી શકશો. તમારે સ્થાયી દર્દી (અસ્થાયી દર્દી તરીકે નહિ) તરીકે નોંધણી કરાવવા માટે કહેવું જોઈએ. ફોર્મમાં વિગતો ભરવા તમને જો મદદની જરૂર જણાય તો તમે જીપી સર્જરીને વિનંતી કરી શકશો.

## જીપી સાથે નોંધણી કરાવવા શું મને કોઈ દસ્તાવેજોની જરૂર પડશે?

કેટલાક સર્જરીઝ નોંધણી કરાવવાના હેતુ માટે તમને સરનામાનો પુરાવો, ઓળખનો પુરાવો અથવા ઇમિગ્રેશનની સ્થિતિનો પુરાવો અથવા એન.એચ.એસ. નંબર વગેરે જેવા દસ્તાવેજો આપવા માટે જણાવી શકે છે, પણ જો તમે તેમને એ નથી આપતા તો તેઓ તમારી નોંધણી કરવાનો ઈનકાર કરી શકતા નથી.

જો તમે આ દસ્તાવેજો આપી શકતા નથી તો તમારે કહેવું જોઈએ કે તમારી પાસે આ દસ્તાવેજો નથી પણ તમે પ્રેક્ટિસ હદની અંદર રહો છો અને દર્દી તરીકે જીપી સાથે નોંધણી કરાવવા માગો છો.

જીપી સાથે નોંધણી કરાવવામાં જો તમને કોઈ મુશ્કેલી પડી રહી હોય તો નીચેના સંસાધનો તમને મદદ કરી શકે છે. જો તમે ઓનલાઇન નોંધણી કરાવી રહ્યા છો અને તમારી પાસે દસ્તાવેજો માગવામાં આવે છે તો તમે જીપી સર્જરીને આ સંસાધનો ઇમેલ કરી શકો છો:

- ઇંગ્લેન્ડમાં જીપી સાથે નોંધણી કરાવવા દસ્તાવેજ વિનાના લોકોને મદદ કરવા એન.એચ.એસ. ઇંગ્લેન્ડે યલો કાર્ડ બનાવ્યું છે. જ્યારે તમે નોંધણી કરાવવા માટે જાઓ ત્યારે તમે જીપી રિસેપ્શનિસ્ટને આ કાર્ડ બતાવી શકો છો. તમે સ્થાનિક સખાવતી સંસ્થાઓ, ફૂડબેંકો, તમારા સ્થાનિક હેલ્થવોચ અથવા ડૉક્ટર્સ ઑફ ધ વર્લ્ડ પાસેથી યલો કાર્ડ મેળવી શકો છો.
- સ્કોટિશ સરકારે સ્કોટલેન્ડના જીપી માટે ગાઇડલાઇન્સ d ઇસ્યુ કરેલ છે જે જણાવે છે: “"જીપી સાથે નોંધણી કરાવવા કોઈ દસ્તાવેજોની જરૂર નથી. ઓળખ અથવા સરનામાનો પુરાવો આપી નહિ શકવાની દર્દીની અસમર્થતા દર્દીની નોંધણીનો ઈનકાર કરવાનું કે તેને વિલંબિત કરવાનું કારણ ગણવામાં આવતું નથી.
- બ્રિટિશ મેડિકલ એસોસિએશનની ઇંગ્લેન્ડ, સ્કોટલેન્ડ, વેલ્સ અને ઉત્તરીય આયર્લેન્ડના ડોક્ટર્સ માટેની ગાઇડલાઇન્સ જણાવે છે, “જો દર્દી ઓળખના દસ્તાવેજો આપી શકતા નથી તો એ તેમની નોંધણીનો ઈનકાર કરવાનું વ્યાજબી કારણ નથી”.

જો જીપી પ્રેક્ટિસ તમને રજીસ્ટર કરવાનો ઈનકાર કરે છે તો ઇંગ્લેન્ડમાં દર્દી 0300 311 2233 પર કોલ કરી શકે છે. સ્કોટલેન્ડ અને વેલ્સ માં દર્દીઓએ તેમના સ્થાનિક હેલ્થ બોર્ડનો સંપર્ક કરવો જોઈએ. જીપી સાથે નોંધણી કરાવવામાં મદદ માટે દર્દીઓ 0808 1647 686 (નિ:શૂલ્ક ફોન નંબર) પર ડૉક્ટર્સ ઑફ ધ વર્લ્ડનો સંપર્ક કરી શકશે.

## જો તમે ઘર વિનાના છો તો

જો તમારું કોઈ ચોક્કસ સરનામું ન હોય તો પણ તમે જીપી સાથે નોંધણી કરાવી શકશો. તમારે જીપી પ્રેક્ટિસને એ સમજાવવું જોઈએ કે તમારું કોઈ ચોક્કસ સરનામું નથી પણ તમે સ્થાનિક વિસ્તારમાં રહો છો અને દર્દી તરીકે નોંધણી કરાવવા માગો છો. તમે હંગામી સરનામાનો ઉપયોગ કરી શકશો જે તમારા મિત્રનું અથવા ડે સેન્ટરનું સરનામું હોઈ શકે છે અથવા પ્રેક્ટિસ સરનામા વિના તમારી નોંધણી કરી શકશે.

તમારે એ વાતની ખાતરી કરવી જોઈએ કે જરૂર પડ્યે (દા.ત. ટેસ્ટના પરિણામોમાં) તમારો સંપર્ક કરવા જીપી પાસે સંપર્ક કરવાની કોઈ પદ્ધતિ છે.

## જો તમે આશ્રય મેળવવા ઈચ્છુકોના આવાસમાં રોકાયા છો

જો તમે આશ્રય મેળવવા ઈચ્છુકોના આવાસ હોમ ઓફિસ આવાસ અથવા કન્ટિન્જન્સી આવાસ જેમ કે હોટલ વગેરેમાં રોકાયા છો તો જીપી સાથે નોંધણી કરાવતી વખતે તમારે આ આવાસના સરનામાનો ઉપયોગ કરવો જોઈએ અને કહેવું જોઈએ કે તમારી પાસે સરનામાના દસ્તાવેજોનો પુરાવો નથી કારણ કે તમે હોમ ઓફિસ દ્વારા પૂરા પાડવામાં આવેલ આશ્રય ઈચ્છુકોના આવાસમાં રોકાયા છો. જો જીપી નોંધણી કરવાનો ઈનકાર કરે તો તમારે 0808 8010 503 (નિ:શૂલ્ક ફોન નંબર) પર તમારા આવાસ પ્રદાતા અથવા માઇગ્રન્ટ હેલ્પ સાથે  વાત કરવી જોઈએ.

જો તમને જણાય કે હોમ ઓફિસ તમને નવા આવાસમાં ખસેડવા જઈ રહી છે તો જ્યાં સુધી તમને નવી જગ્યાએ ખસેડવામાં ન આવે ત્યાં સુધીમાં તમારે COVID-19 રસી લેવામાં વિલંબ ન કરવો જોઈએ. તમે તમારી રસીનો બીજો ડોઝ તમારા નવા આવાસની નજીકના રસીકરણ કેન્દ્ર પર મેળવી શકશો.

તમારા પ્રથમ રસીકરણ કેન્દ્ર પર તમને આપવામાં આવેલ નાનકડું કાર્ડ તમારે સાચવીને રાખવું જોઈએ અને તમારી બીજી અપોઇન્ટમેન્ટ વખતે તેને સાથે લઈ જવું જોઈએ જેથી રસીકરણ કેન્દ્રને એ વાતની ખાતરી થઈ શકે કે તમે યોગ્ય પ્રકારની રસી લીધેલ છે.

## રસી લેવા માટેની અપોઇન્ટમેન્ટ બૂક કરાવવી

### ઇંગ્લેન્ડ

જો તમને નીચે પૈકીનું કોઈ લાગું પડતું હોય તો તમે રસી લેવા માટેની તમારી અપોઇન્ટમેન્ટ ઓનલાઇન બૂક કરાવી શકશો:

- જો તમારી વય 55 વર્ષ કે તેથી વધારે છે
- જો તમને કોરોનાવાઇરસથી સંક્રમિત થવાનું વધારે જોખમ છે (જેમને લાંબા ગાળાથી સ્વાસ્થ્ય વિષયક બિમારીઓ છે)
- જો તમને હાલની તબીબી સમસ્યાઓ (જેમ કે સી.ઓ.પી.ડી., અસ્થમા (દમ), હૃદય સંબંધિત તકલીફો, કિડની અથવા લિવરના રોગો, ડાયાબિટીસ અને બીજી કેટલીક લાંબા ગાળાની સ્વાસ્થ્ય વિષયક સમસ્યાઓ) ને લીધે કોરોનાવાઇરસથી સંક્રમિત થવાનું વધારે જોખમ રહેલું છે

- જો તમે લાયકાત ધરાવતા ફ્રન્ટલાઇન સ્વાસ્થ્ય કર્મી છો
- જો તમે લાયકાત ધરાવતા ફ્રન્ટલાઇન સામાજિક સ્વાસ્થ્ય કર્મી છો
- અભ્યાસ સંબંધિત વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ
- જો તમે કેરરના ભથ્થા માટે લાયકાત ધરાવો છો

તમે મોટા રસીકરણ કેન્દ્રો અથવા COVID-19 રસી આપતી કોઈ ફાર્મસી પર અપોઇન્ટમેન્ટ બૂક કરાવી શકશો. એન.એચ.એસ. દ્વારા તમારો સંપર્ક કરવામાં આવે ત્યાં સુધી તમારે રાહ જોવાની જરૂર નથી.

તમે રસી લેવા માટેની અપોઇન્ટમેન્ટ ઓનલાઇન પણ બૂક કરાવી શકશો.

સ્કોટલેન્ડ

તમારી અપોઇન્ટમેન્ટની વિગતો સાથે તમારા પર એક આમંત્રણ પત્ર અથવા ફોન કોલ આવશે. જો તમે અપોઇન્ટમેન્ટમાં હાજર રહેવાના છો તો તમે અપોઇન્ટમેન્ટમાં આવવાના છો એની પુષ્ટિ કરવા માટે કંઇ કરવાની જરૂર નથી. જો તમે અપોઇન્ટમેન્ટમાં હાજર રહી શકો એમ નથી તો તમે તમારી અપોઇન્ટમેન્ટનો સમય બદલી શકશો અથવા રદ કરી શકો છો જેથી કરીને તમારી અપોઇન્ટમેન્ટ બીજા કોઈને આપી શકાય.

વૅલ્સ

જ્યારે રસી લેવા માટે તમારો વારો આવશે ત્યારે એન.એચ.એસ. દ્વારા સીધો જ તમારો સંપર્ક કરવામાં આવશે. તમારો સંપર્ક કાં તો ટેલીફોન અથવા પત્ર દ્વારા કરવામાં આવશે.

## જો હું રસી મેળવું છું તો મારે હોમ ઓફિસને જાણ કરવી પડશે?

જ્યારે તમે એન.એચ.એસ. સેવા, જે ઇમિગ્રેશનની સ્થિતિને ધ્યાનમાં લીધા વિના દરેક માટે નિ:શૂલ્ક છે, પ્રાપ્ત કરો છો ત્યારે તમારી માહિતી હોમ ઓફિસ વિભાગ સાથે શેર કરવામાં આવશે નહીં. આમાં જીપી સેવાઓ, COVID-19 પરીક્ષણ, સારવાર અને રસીકરણ સેવાનો સમાવેશ થાય છે.

જીપી સાથે નોંધણી કરાવતી વખતે અથવા COVID-19 રસી લેવા માટે અપોઇન્ટમેન્ટ બૂક કરાવતી વખતે તમને તમારી ઇમિગ્રેશનની સ્થિતિ સાબિત કરવામાં કહેવામાં નહિ આવે.

કોરોનાવાઇરસનું પરીક્ષણ, સારવાર અથવા રસીકરણ સંબંધિત કેટલીક એન.એચ.એસ. હોસ્પિટલ અને સમુદાય સેવાઓ ઇમિગ્રેશનની સામાન્ય સ્થિતિ વિનાના લોકો માટે નિ:શૂલ્ક નથી. આ સેવાઓ તમારા વિશેની માહિતી જેમ કે નામ, સરનામું અને જન્મ તારેખ વગેરે હોમ ઓફિસ ઇમિગ્રેશન વિભાગ સાથે શેર કરી શકે છે. આ તમારી હાલની ઇમિગ્રેશન સ્થિતિની પુષ્ટિ કરવા માટે અથવા ચૂકવણી નહિ કરેલ સ્વાસ્થ્ય સારવાર વિષયક ચાર્જિસની જાણ કરવા માટે છે. તમારી સ્વાસ્થ્ય વિષયક માહિતી શેર કરવામાં આવશે નહીં.

વ્યક્તિઓ અથવા જાહેર જનતા માટે સલામતીની ચિંતાજનક પરિસ્થિતિના સંજોગોમાં એન.એચ.એસ.ને દર્દીની માહિતી પોલીસ, અદાલતો અને સરકારી વિભાગો સાથે શેર કરવાની જરૂર પડી શકે છે.

## COVID-19 રસી કેટલી સલામત છે?

યુ.કે.માં ઉપયોગ માટે મંજૂરી આપવામાં આવેલ રસી હેલ્થકેર પ્રોડક્ટ્સ રેગ્યુલેટરી એજન્સી (એમ.એચ.આર.એ.) દ્વારા નિર્ધારિત કરવામાં આવેલ સલામતી, ગુણવત્તા અને અસરકારકતાના ચુસ્ત ધોરણોને સંતોષે છે.

મંજૂરી આપવામાં આવેલ કોરોનાવાઇરસની કોઈપણ રસીએ લાયસન્સવાળી બીજી બધી દવાઓની જેમ તમામ પ્રકારના નિદાનાત્મક પરીક્ષણ અને સલામતીની ખાતરીમાંથી પસાર થવું પડતું હોય છે. એમ.એચ.આર.એ. સલામતીના આંતરરાષ્ટ્રિય ધોરણોનું પાલન કરે છે.

બધી રસીઓનું પરીક્ષણ સમગ્ર વિશ્વના 15,000 થી 50,000 લોકો ઉપર કરવામાં આવતું હોય છે. તેનું પરીક્ષણ 18 થી 84 ની તમામ વયજૂથના જુદી જુદી વંશીય પૃષ્ટભૂમિમાંથી આવતા લોકોના સ્ત્રીઓ અને પુરૂષો એમ બંને પર કરવામાં આવે છે. ચેપને રોકવામાં અથવા વાઇરસનો ફેલાવો કરવામાં જે એક વ્યક્તિમાંથી બીજામાં પસાર થઈ શકે છે તેને રોકવામાં કેટલી અસરકારક છે તે જોવા અને બાળકો માટે તેનો ઉપયોગ વિસ્તારવા રસીકારણના તબક્કા દરમિયાન પણ અભ્યાસો ચાલું રહેશે.

અત્યાર સુધીમાં લાખો લોકોને COVID-19 રસી આપવામાં આવેલ છે અને તેની ગંભીર આડઅસરો જેમ કે એલર્જિક રિએક્શન વગેરે સાવ નહિવત છે.  લાંબા ગાળના કોઈ કોમ્પ્લિકેશન્સ જાણમાં આવેલ નથી.

યુ.કે.માં મંજૂરી આપવામાં આવેલ રસી વિશે વધુ જાણકારી મેળવવા, જુઓ:

- GOV.UK: Pfizer/BioNTech vaccine for COVID-19 approved by MHRA (English only)
- GOV.UK: Oxford/AstraZeneca vaccine for COVID-19 approved by MHRA (English only)
- GOV.UK: Moderna vaccine for COVID-19 approved by MHRA (English only)

## COVID-19 રસી કેટલી અસરકારક છે?

COVID-19 ની રસીનો પ્રથમ ડોઝ તમને કોરોનાવાઇરસ સામે સારું રક્ષણ આપશે. પણ તમે લાંબા સમય સુધી સુરક્ષિત રહી શકો એ માટે તમારે રસીના બે ડોઝ લેવાની જરૂર છે. જો તમે રસી લો છો તો પણ તમને કોરોનાવાઇરસનું સંક્રમણ થવાનો કે બીજામાં ફેલાવવાની શક્યતા છે. આનો અર્થ એ કે:

- સોશિયલ ડિસ્ટન્સીંગ ગાઇડન્સનું પાલન ચાલું રાખવું અગત્યનું છે

- જ્યાં બીજા લોકોથી દૂર રહેવું મુશ્કેલ હોય છે એવી જગ્યાએ જો તમે કરી શકો એમ હો તો એવી કોઈ વસ્તુ પહેરવાનું રાખો જે તમારા નાક અને મોંને ઢાંકી દે છે.

## COVID-19 રસીના આડઅસરો

COVID-19 રસીની મોટાભાગની આડઅસરો હળવી હોય છે અને 2 - 3 દિવસ કરતા વધુ સમય રહેતી નથી, જેમ કે:

- હાથમાં જે જગ્યાએ સોય ભોંકવામાં આવી હતી ત્યાં દુ:ખાવો થવો
- કંટાળો આવવો
- માથાનો દુ:ખાવો
- કળતર થવી
- માંદા થઈ જવું કે એવું લાગવું
- શરીર ગરમ રહેવું કે તાવ આવવો

જો જરૂર લાગે તો તમે પેઇનકિલર લઈ શકો છો જેમ કે પેરાસિટામોલ.

જો તમારા શરીરનું તાપમાન 48 કલાક કરતા વધુ સમયથી સતત વધારે રહેતું હોય તો તમને કોરોનાવાઇરસ કે બીજો કોઈ ચેપ હોઈ શકે છે. કફ થવો કે કોઇ જાતની ગંધ કે સ્વાદ ન આવવો એ રસીની કોઈ આડઅસરો નથી તેથી જો તમારામાં આ લક્ષણો દેખાતા હોય તો તમારે ઓનલાઇન થઈને કોરોનાવાઇરસનો ટેસ્ટ કરાવવાની વ્યવસ્થા કરવી જોઈએ.

જો તમારા લક્ષણો વધુ વકરતા જતા હોય, 48 કલાક કરતા વધુ સમયથી દેખાતા હોય અથવા તો તમને એવી ચિંતા જણાય તો સવારના 8 થી સાંજના 6.30 વચ્ચે અથવા બાકીના સમયે 111 (આ કોલ કરવા માટે નિ:શૂલ્ક નંબર છે) પર તમારા જીપીને કોલ કરો. વારે વારે બધા પ્રશ્નોના જવાબ " **yes"** માં આપવા તમે તમારી ભાષાના દુભાષિયાની સેવા લઈ શકશો.

## એલર્જિક રિએક્શન

જો તમને ગંભીર પ્રકારના એલર્જિક રિએક્શનની સમસ્યા હોય તો તમને રસી આપવામાં આવે એ પહેલા સ્વાસ્થ્યકર્મી સાથે વાર કરો. જો તમને નીચેના વખતે આ પહેલા ક્યારેય એલર્જિક રિએક્શન (એનાફાઇલેક્સિસ સહિત) કોઈ સમસ્યા થઈ હતી તો તમારે COVID-19 રસી લેવી જોઈએ નહીં:

- આ જ રસીનો આ પહેલાનો ડોઝ લેતી વખતે
- રસીના કોઈપણ ઘટકો લેતી વખતે

ગંભીર પ્રકારના એલર્જિક રિએક્શનની સમસ્યા સાવ નહિવત છે. જો તમને રસીથી કોઈ રિએક્શન આવવાનું હોય તો સામાન્ય રીતે એ થોડી મિનિટોમાં જ એ બને છે. રસીકરણ કેન્દ્રના કર્મચારીઓ અને સ્વયંસેવીઓ એલર્જિક રિએક્શન સામે કેવી રીતે કામ કરવું અને કેવી રીતે તેની તાત્કાલિક સારવાર કરવી તે અંગે પ્રશિક્ષિત હોય છે.

તમે કોરોનાવાઇરસ યલો કાર્ડ સેફ્ટી સ્કીમ નો ઉપયોગ કરીને તમે શંકાસ્પદ આડઅસરો વિશે રિપોર્ટ કરી શકો છો.

## COVID-19 રસીના ઘટકો

મંજૂર કરવામાં આવેલ COVID-19 રસીમાં પ્રાણીજન્ય કોઈ પેદાશો કે ઇંડા નથી.

બ્રિટિશ ઇસ્લામિક મેડિકલ કાઉન્સિલ ભલામણ કરે છે કે રસી લઈ શકાય છે. કેથોલિક ચર્ચ જણાવે છે કે COVID-19 રસીનો ઉપયોગ નૈતિક રીતે સ્વીકારવા યોગ્ય છે.

## વધુ જાણકારી

ડૉક્ટર્સ ઓફ ધ વર્લ્ડ: ક્લિનિક અને  અનુવાદ કરેલ COVID-19 માહિતી

બ્રિટિશ રેડ ક્રોસ:  COVID-19 રસી: જે તમારે જાણવું જરૂરી છે

એન.એચ.એસ. ઇંગ્લેન્ડ: કોરોનાવાઇરાસ (COVID-19) રસી

NHS જાણકારી: કોરોનાવાઇરસ (COVID-19) રસી

પબ્લિક હેલ્થ વેલ્સ: COVID-19 રસીની માહિતી